જસમા ઓડણ

યાને

સિદ્ધરાજ જયસિંહનો સંવાદ.

એકાદશી કેરી રૂડી ગત રાણીને સ્વપ્નુ આવીયુરે ટેક)

પાછલી રાતના પરોઢ રાણીએ રાજા જગાડીઓરે,

ઉઠ રાજા સરોવર ખોદાવ પાણીવીના તો પુરાનરેરે,

રાજા—કેઇ પેર કરૂ રાણી આજ રસ્તો બતાવો તમ મુજનેરે,

રાણી—તેડાવે રાજા તારો દુધમલ ભાણેજ ઓડોને લખી કાગદ મોકલેરે,

લેખક—બારસના દીનને બપોર રાજાએ દુધમલ તેડાવીઓરે

ભાણેજ—શુરે પડયું છે મારૂ કામ મામા કેહો મને આ સમેરે,

રાજા—પાટણમા પાણીની તાણ તેથી સરોવર ખોદાવવુ રે

ભાણેજ—કેટલા લખુ ઓ મામા ઓડ કેટલી લખુ ઓ મામા ઓડણીરે,

રાજા—અર્ધો લાખ લખો ભાણેજ ઓડ સવા લાખ લખો ભાણેજ ઓડણીરે

રાણી—કાગળ આપો બારોટ હાથ જઇને એ જમાસને સોપશેરે

(બારોટ હાથમા કાગળ લઇ રસ્તો અજાણ્યો હોવાથી લોકોને) પુછે છે

ારોટ—હળ ખેડતા ખેડુત કીયા છે જશમાબાઈના ઓરડારે
ખેડુત—હુતો ના જાણુ મારાવીરા આઘેરા જઈ ઘર પુછજેરે
લખક—બારોટ ત્યાથી ચાલ્યારે આગળ એટલે પનીયારી
સામી મળીરે
બારોટ—પાણીરે ભરતી પનીઆર કયારે જસમાના ઓરડારે
પનીઆર—હુતો ના જાણુ મમવીર આઘેરો જઈ ઘર પુછજેરે
લખક—બારોટ ત્યાથી ચાલ્યારે આગળ બાળક શેરીએ
સામા મળયારે
બારોટ—શેરીમા રમતાઓ બાળ કયારે જસમાના ઓરડાર,
બાળક—ઉંચી મેડીઓ આકાશ ગગન સાથે વાતો કરેરે
બારોટ તમો સુણોને આવાર તેતો જસમાના ઓરડારે
લખક—કાગદ આપ્યો જસમાને હાથે વાચી સહુને જણાવીયુરે
તળાવની સાભળી સર્વે ઓડો પાટણ ગયારે,
(બારોટને આવતા જોઈ સિદ્ધરાજે બારોટને પુછ્યુ)
રાજા—કેમ બારોટ શુ સમાચાર લઈ આવ્યા,
બારોટ—બાપુ દતોડના ટકા એ ઓડ પાટણ આવી ગયા
રાજા—જસમા આવી છે કે નઈ તે જલદી કહો,
બારોટ—હા બાપુ હા જસમા પગ હાજર છે તે સાભળી,
રાજા—આજે મનમા ઘણો આનદ પામ્યો ને કહ્યુ કે જસમાને
મનાવો તો જીવને આનદ થાવ તે સાભળી બારોટ કહે છે

બારોટ—બાપુ જુઓ વલી અપસરા જવી મોહીની રહીતેજ.
રાજા—હે હે નીચને ત્યા પણ પ્રભુ આવાશ્ર્તના પરા કરે છે
આને જોઇને મારૂ હૃદય ચીરાઇ જાય છે એવુ કહી,
મુર્છા ખાઈ નીચેઢળી પડયો અને બેભાન થઇ સુઇ
ગયો તે જોઇ બારોટ કહે છે
બારોટ—ખમા ખમા મારા અન્નદાતાને વળી ખમા રાજાને
શાન્તી વળી ત્યારે ઉભો થઇ કહે છે
રાજા—પ્રધાનજી
દીવાન—જી મહારાજ શી આજ્ઞા છે
રાજા—બીજા ઓડોને ગામની બહાર ઉતારો આપો અને
જસમાને ગામની અંદર મારા મહેલના આવવા અના કરે (
દીવાન—જેવી હજુર સાહેબની મરજી એવુ કહી જસમાને રાજા
એ કહ્યા પ્રમાણે કહે છે પણ જસમા માન્તી નથી.
ત્યારે છેવટે રાજા આવીને સમજાવે છે
રાજા—રમીલી તારી આવી કોમળ કાયાને પાદરે પડી રહેવુ
— યોગ્ય નથી માટે તુ તો મહેલમા ચાલ
જસમા—ઘેલા રાજાજી અમને ઓડોને મહેલમા રહેવુ ન
છાજે, વળી પોતાના પતિની સાથે હમેશા રહી તેમ
ની સેવાચાકરી ઉઠાવવી તે પતિવૃતા સતીઓનો ખરો
ધર્મ છે માટે હુતો અહીજ રહીશ.

રાજા—સતી તું મન ને જડ મુકી દે, તો તું સુખી થઈશ
તને હું મારી પટરાણી કરી માનીતી બનાવીશ

જસમા—રાજા આ તું શું બકે છે તારા મહેલમા તારી
રાણીઓને રાખ અને પટરાણી બનાવી મોજ માણ

રાજા—સતી તું આવા કાળુ પતીને તારી આવી કોમળ
કાયા સોંપીને તેમા શું આનંદ માણે છે,

જસમા—તારા જેવા સુખી પુરૂષ પાસે રહી મોજ ઉડાવવા
કરતા પ્રભુએ મારૂ જેની સાથે પાનું શોધ્યું તેજ
૮ મારો પરમાત્મા છે, અને પતિવૃતા સતીઓનું ખરૂ
સુખ તેમાંજ સમાએલ છે, તારા રાજના રાજવૈભવ
પણ તેની આગળ તુચ્છ છે

રાજા—સતી નહી માનો તો ફાયદો નહી કાઢો
જસમા—બહેતર છે કે સતીઓને પોતાના શિયળ માટે મરવું
પડે તો પણ તે પોતાના જાનની પરવા કરતી નથી,
લેખક—ત્યાર બાદ બેઉ જણા વચ્ચે પડેના વાદવીવાદ

જસમા તથા સિદ્ધરાજના સંવાદ.

સેદ્ધરાજ—જસમા માટી થોડીરે ડપાડ ડેડોના લોક લળી જસેરે
જસમા—ઘેલા રાજા ઘેલુ મા બોલ (૨) અમારી ડેડા લોઢે જડીરે
રાજા—જસમા તુ તો મહેલ પધાર (૨) ઓઢાડુ તને ચીર ચુંદડીરે,
જસમા—હિર ચીર રાજા તારી રાણીને પહેરાવ (૨) અમારે ઓડોને ભલા ચીથરા રે,
રાજા—જસમા તુ તો મહેલે પધાર (૨) પટરાણી હુ તો તને કરૂ રે
જસમા—પટરાણી રાજા તારી રાણીને બનાવ (૨) અમારે આડોને ભલા ઝુપડારે
સેદ્ધરાજ—જસમા મારા મહલે પધાર જમવા આપુ ઘી ચુરમારે
જસમા—ઘી ચુરમા રાજા તારી રાણીને જમાડ અમારે ઓડોને સુકા ટુકડારે,
સિધરાજ—જસમા તુ તો કામ ન કરીશ કોમળ મુખ કરમાઇ જશે રે,
જસમા—ઘેલા રાજા ઘેલુ ના બોલ કામ કરી ખાવુ ગમેરે
સેદ્ધરાજ—જસમા તુ તો કહેવુ મારૂ માન તુજને હુ પટરાણી કરૂ રે
જસમા પટરાણી રાજા રાણીને બનાવ છાજેના પટરાણી ઓડનેરે

(સિદ્ધરાજ તથા જસમાનો ગરબો.

ગાજે પાટણપુરમા ગરવી ગુજ્જરનો ધણીરે,
સાચો સબરો પેલો મોલકી સિદ્ધરાજ
જેણે પ્રજા માટે વાવ કુવા બધાવીઆરે,
મોટામાન સરોવર દેવળ ધમ વિશાળ
પાશી સવ પ્રજાને શત્રુ સવે નમાવીઆરે
તેણે પાટણ પાસે એક સરોવર આદર્યુ રે
ખોદે બાડા ત્યાતા માલવી ઓડ અનેક
નાખે મટોડા ઓડણો માથે લઇ પણુરે
પાળે વડની ડાળે ઝુલે બાળક પારણુંરે
માટી લેતા જસમા ઝુલાવે નીજ બાળ
વળતા મુખડુ દેખી જાય કુવરને વારણેરે,
સાહે વેગે ફરતા રાજાએ દેખી પરીરે
જાતે રૂપાળી રગીલી પરમ ચતુર,
પાસે જઇને રાજા કહે છે સુણ તુ સુદરીરે
સિદ્ધરાજ—માટી ભરવાને આ કોમળ કાયા કરી નથીરે,
પાળે બેસીને રીજવ તુ તારા બાળ
બીજી ઓડણો છો કામ કરે તારી વતી,
જસમા—જસમા કહે છે રાજા કામ કરી ખાવુ ગમેરે

મુજને એવી રહેના વાધે અંગમા રોગ
મારા નવરા ફહાડા બેઠે નવ નોઠે કદીરે,
સિદ્ધરાજ—જસમા જંગલમા વસવાને તુ સરજી નથીરે
મારા નગર તણા તુ આવીને જો નોક,
પાટણપુરની શોભા હુ તુજને શુ કહુ કથીરે
જસમા—નગરે અંધારી શેરીને ઉંચી મેડીઓરે,
તમા માણસ આડે ચાલ્યાનો નહી માગ,
જાણે ઉનાળે ઉભરાતી દેખુ કીડીઓરે,
સિદ્ધરાજ—જસમા માણસ બહુ દેખીને શુ ઘેલી બનીરે,
તારા હલકા મનમાં ઉઠે હલકા ઘાટ,
ન કળે ખાખરની ખીસકોલી સાકર સ્વાદનેરે—
જસમા—રાજા મેલા મન માણસના મેલા શહેરનારે,
મેલી ગલીઓમા મારે દુર્ગંધ,
મેલા ઝેર તણા જીવો તે જીવે ઝેરમારે
સિદ્ધરાજ—જસમા રાજાના દરબારો ને દીઠા નથીરે,
તેમાં બાગ બગીચા ખીલે ફુલ ગુલાબ,
મોટા હોજ ફુવારા ઉડે અતિશેજોસથીરે
જસમા—રાજા જંગલ આગળ બગીચા ધુળ છે રે,
જેવો સુરજ આગળ તારાનો ચળકાટ,
મારા જંગલની મોજો તો મોઘે મુલ છે રે

સિદ્ધરાજ—જસમા જંગલની વાતો તું આજ વિસારજે
મીઠા નગધા ને સારંગી કેરા સુર,
ગાયન સુણવાને કાજે તું મહેલ પધારજેરે,
જસમા—રાજા નવ રીઝું સારંગી કેરા સુરથીરે
મેના મોર બપૈયા ટેવ્યા છે મુજ કાન
વાતો કોયલના ટૌકાનો તો કહેતી નથી રે,
સિદ્ધરાજ—ઓડણ આવે તો ઉતારૂ મેડી માળીએરે,
રહેજો મિત્ર સહોદર સર્વ સમધી સાથ,
તમુને પ્રીયજનો માનીને નિશદીન પાળશું રે
જસમા—મારે ઓડોને ઉતરવા જોઇએ ઝુંપડીરે
મેડી માળે ચડતા મુજને આવે ફેર
પડતા પગ ભાગે ને કાયા થઇ જાય કુબડી રે
સિદ્ધરાજ—ઓડણ આવો તો પીરસાવું મેવા ચુરમા રે,
ઝુલે હાથી ઘોડા ગુર્જરપતિને દરબાર,
તને દેખીને હરખાશે ઓડણ ઉરમા રે
જસમા—મારે ઓડણને તો વાળુ જોઇએ ઘેંસના રે
રાજા શું છે મારે હય હાથીનું કામ
દહીંને દુધ મજેના ભારે ભુરી ભેંસનારે,
સિદ્ધરાજ—ઓડણ માગી લ્યોને આછા નાળુ ઓઢણારે,
હીરા માણેક મોતી સોનાના ભંડાર
આવી કંચનવરણી કાયા પર શોભે ઘણારે

જનમા - છાયલ ટકશે આછા સાળુ તો ફાટી જશેરે,
નાણુ ધાક્ષ ચણોઠી ગાઢા કડે હાર,
પહેરૂ ફુલ તણી માળા તો પગ્ગપો ગીઝશે ર
સિધ્ધરાજ—જસમા કહે તુ કુજને કેવાછે તારો પતીરે,
તારા જેવી સમજુ નારી જોને કેમ,
એના જેવા સુખીયા આ જગમા બીજા નથી રે
જસમા—એવા ૬ડ કરીને કામ કરે નારો પતીરે,
જેનો મોગીરામા બહેક છે બહુ ફુલ
જેની કોદાળીના વાગ્યી ધરતી ન્જતારે
સિધ્ધરાજ—જેને કામ કરતા એ ત્યાગ લાગ ભાર,
એના મનમા તારો પુરો નથી વિશ્વાસ
તારી બુઝ ન જાણે જસમા એ તારો ધણીરે
જસમા—રાજ પાચાને ભય લેશ નથી સંસારમારે
મારા પતિને મારો નપૂર્ણ વિશ્વાસ,
હુ તો અન્ય જનોને ભાઇ ગણી રહુ ભાવમારે,
સિધ્ધરાજ—જસમા રાણાને રજાને હુ તારો કરૂરે,
મોટા મહારની પણ ન આપે સાસો ભોલ,
ત । આગળ હુ નવ અમલ રહવી - ૧૬૩

જસમ — રાજા કાયા ને માયા પર બળી નૃપનુ વરસુ રે,
પ્રભુએ જીવ ધર્યો છે જુદો કાયા માય
ભારે ભુપ તણુ પણ તે પર ન ચાલે કશુ રે
સિદ્ધરાજ—જસમા દ્રઢતા તારી દેખી વિસ્મય થાયછે રે,
આવા દંપતીને પણ આખર હોય વિયોગ,
મિથ્યા આ જગના સુખ માટે મન મુઝાયછેરે,
જસમા—રાજા કોઇ ન જાણે કાલે મારૂ શુ થશે રે
એવી અલ્પ જીંદગી માણે આ સૌ લોક
રૂડી રહેણી સુખ પરલોકે પુરણ આપશે રે
એવુ કહીને જસમા ટોપલી લઇ પાછી ફરીરે,
રાયે લીધો વળતી પાટણ કેરો પંથ,
થઇ છે જસમાના પતિવ્રતની જેની ખાતરીરે

સિ ૬

સંગીતનો આંકડો.

૧ એકડે એક ગાંધીની રાખો ટેક માગ બધુ સ્વરાજ લેવુ રહેલ છે
૨ બગડે બે ગાંધીની બોલો જે મારા
૩ તગડે ત્રણ ગાંધીનુ રાખો પણ મારા
૪ ચોગડે ચાર ગાંધી કરે વિચાર મારા
૫ પાંચડે પાંચ સત્યને નથી આંચ મારા
૬ છગડે છ ગાંધી કુટુંબની લાજ મારા
૭ સાતડે સાત પરદેશી કાપડને મારો લાત મારા
૮ આઠડે આઠ ગાંધીજીનો રાખો ઠાઠ મારા

૯ નવડે નવ ગાધીજીની શીખામણ લઉ મારા
૧૦ એકડે મીંડે દશ ગાધીજીને આપો જશ મારા
૧૧ બે એકડે અગીઆર સો ભાઇ થાઓ તયાર મારા
૧૨ એકડે બગડે બાર પડે ગાવીજીના પોબાર મારા
૧૩ એકડે તગડે તેર પહેરો ખાદી ઘેરઘેર મારા
૧૪ એકડે ચોગડે ચૌદ છોડો સો જન તુત મારા
૧૫ એકડે પાચડે પદર મળો સ્વરાજની અદર મારા
૧૬ એકડે છગડે સોળ હવે ખુલી ગયુ છે પોલ મારા
૧૭ એકડે સાતડે સત્તર ખાદીનુ પહેરો બખતર મારા
૧૮ એકડે આઠડે અઢાર કાઢો વિદેશીને બહાર મારા
૧૯ એકડે નવડે ઓગણીસ કાઢી નાખો સૌ જણ રીસ માર,
૨૦ બગડે મીંડે વીસ સઉ જન નમાવો શીસ માર
૨૧ બગડે એકડે એકવીસ સ્વરાજની ઘોડી હેંકવી મારા
૨૨ બે બગડે બાવી ભણો સ્વરાજની ચાવી મારા
૨૩ બગડ તગડે તેવી ચરોડા જેલને સેવી મારા
૨૪ બગડે ચોગડ ચોવી ગાધીની વાટ જોવી મારા
૨૫ બગડ પાચડ પચીસ સ્વરાજ મળે છે ખચીત મારા
૨૬ બગડે છગડ છવી હવે શુધ્ધ ખાદી વણવી મારા
૨૭ બગડ સાતડ સતાવી તીલક ગયા બીજ વાવી મારા
૨૮ બગડ આઠડ અઠાવી સઉ બધુની સેવા કરવી મારા
૨૯ બગડે નવડે ઓગણત્રીસ મુકયા ભડવીરેએ શીસ મારા

૩૦ તગડ ત્રી' ત્રીસ પડાવી ડાયરે તા [illegible]સ મારા
૩૧ તગડ એકડ એકત્રીસ કયા છે અમલના તત્રી મારા
૩૨ તગડ બગડ બત્રી સઉ ભાઈ કરજો સત્રી મારા
૩૩ એ ત[illegible]ડ તેતરી વિદેશીએ લીધા છેતરી મારા
૩૪ તગડ ચોગડ ચોતરી જેમ કાગળ ખાએ વતરી મારા
૩૫ તગડ પાચડ પાતરી વિદેશી ચીજને તજવી મારા
૩૬ તગડ છગડ છત્રી ના [illegible] છેતરાઈ મારા
૩૭ તગડ સાતડ સાડત્રીસ [illegible] મારા
૩૮ તગડ આઠડ આડતરી [illegible] મારા
૩૯ તગડ નવડ ઓગણચાળીસ [illegible] મારા
૪૦ ચો[illegible] ચાળી વિદેશી માલ નાખો [illegible] મારા
૪૧ ચોગડ એકડ એકતાળી [illegible] મારા
૪૨ ચોગડ બગડ બેતાળી જે હાથે પરણે તાળી મારા
૪૩ ચોગડ તગડ તેતાળીસ [illegible] મારા
૪૪ એ ચોગડ ચુવાળી કયા છે મહારાણાની રીત મારા
૪૫ ચોગડ પાચડ પીસતાળી કયા છે ક્ષત્રીઓની રીત મારા
૪૬ ચોગડ છગડ છેતાળી પ્રભુ જુએ છે તાવી મારા
૪૭ ચોગડ સાતડ સડતાળી અમદાવાદ [illegible] જગાવી મારા
૪૮ ચોગડ આઠડ અડતાળી [illegible] જુઓ વચાવી મારા
૪૯ ચોગડ નવડ ઓગણપચા અમે હિન્દ ભુમીના બચ્ચા મારા
૫૦ પચા[illegible] પચાસ ના [illegible] અમે [illegible] મારા

આખા હિન્દુસ્તાનમાં શ્રી સનાતન વિદ્યાર્થી ભવન

રામકૃષ્ણ ગુરૂકુળ

ધર્મ અને વિદ્યાનો પ્રચાર કરનાર એકજ સંસ્થાન રામ કૃષ્ણગુરૂ બ્રાહ્મણ ક્ષત્રિય અને વઇશ્યના ગૃહસ્થ તથા ગરીબના વિદ્યાર્થીઓને ભણવા અને રહેવાની મોટી સગવડ આ સંસ્થાના ખર્ચમા મદદ કરવી દરેક સજ્જનોને વિનવવામા આવે [illegible] અને તમામ પ્રકારનુ શિક્ષણ ઉતમ રીતે આપવા અને ગમે તેવા જડ અગર તોફાની બાળકોને સરખી રીતમા લાવવા ખાસ પ્રયત્ન કરવમા આવે છે પ્રાચિન અને અર્વાચિન પદ્ધતિનુ સંગણી કરવામા આવ્યુ છે માટે તમારા બાળકો મોકલી અનુભવ કરો અને બની શકે તે મદદ કરો ને ચોકસ લાભ મેળવો હેન્ડબીલો નીયમો અને દાખલફોમ વિગેરે મેળવી વ ચો જવાબ માટે ટીકીટ બીડવી જોઇશે

બ્રાંચ નંબર ૧
રેવડીબજાર અમદાવાદ

વ્યવસ્થાપક
શ્રી સનાતન વિદ્યાર્થી ભવન
રામકૃષ્ણ ગુરૂકુળ
અહેમદાવાદ.

ધી પરમાર પ્રીન્ટીંગ પ્રેસમાં પરમાર હરીલાલ ત્રીકમલાલે છાપ્યું
કાચીગડ બાલાહનુમાન—અમદાવાદ